એકમ 5

# જાહેર આવકના સ્ત્રોતો

-: રૂપરેખા :-


5.0 ઉદ્દેશો

5.1 પ્રસ્તાવના

5.2 જાહેર આવકના સ્ત્રોતો

5.3 સારાંશ

5.4 ચાવીરૂપ શબ્દો

5.5 તમારી પ્રગતિ ચકાસો

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 5.0 ઉદ્દેશો :

- વિદ્યાર્થીઓને રાજ્યની પ્રવૃત્તિથી પરિચિત કરાવવા.
- કરવેરા, જાહેરબિંદુ, ખાદ્યપૂરવણી, દંડ વગેરે પાછળ રહેલા રાજ્યના ઉદ્દેશોથી માહિતગાર થવું.
- રાજ્યના બજેટમાં આવક-જાવકના સ્ત્રોત અંગે પરિચય મેળવવો.
- રાજ્યની વિવિધ પ્રવૃત્તિનો વ્યાપ અને તેની પાછળના મુખ્ય હેતુઓ દ્વારા તેની મહત્ત્વતા સમજાવી.
- જાહેર આવકના સ્ત્રોત અને તેની પ્રવૃત્તિમાં સામાન્ય જનતાની ભૂમિકા સમજવી.

## 5.1 પ્રસ્તાવના :

સમયમાં આવતાં પરિવર્તન સાથે રાજ્યની જવાબદારી અને કાર્યોમાં સતત વધારો થતો રહ્યો છે. 18મી સદીના અંત ભાગ સુધી રાજ્યનું કાર્યક્ષેત્ર મર્યાદિત હતું. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ રાજ્યની વધુ પડતી આર્થિક પ્રવૃત્તિ અને દરમિયાનગીરીનો વિરોધ કરતા. આધુનિક કલ્યાણલક્ષી રાજ્યોએ આવક પ્રાપ્ત કરવાનાં વિવિધ ક્ષેત્રો વિસ્તાર્યાં છે. 20મી સદીમાં મોટા ભાગનાં રાજ્યો આર્થિક વિકાસ અને કલ્યાણ રાજ્યની ભાવનાને સિદ્ધ કરવા અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરે છે. આ કાર્યો હાથ ધરવા માટે રાજ્યને મોટા પ્રમાણમાં નાણાંની જરૂરિયાત ઊભી થાય છે. આ બાબતને ધ્યાન પર રાખીને રાજ્ય જુદી જુદી રીતે આવક મેળવવા સતત પ્રયત્ન કરે છે.

રાજ્ય મોટા ભાગે આવક મેળવવા કરવેરાનો સહારો લે છે. કરવેરાના બદલા તરીકે રાજ્ય સમાજના પ્રત્યેક સભ્યને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જુદા-જુદા પ્રકારની સેવાઓ પૂરી પાડે છે. રાજ્યની આર્થિક પ્રવૃત્તિનો હેતુ મહત્તમ સમાજિક કલ્યાણનું ધ્યેય સિદ્ધ કરવાનો હોય છે. આ ધ્યેયને નજર સામે રાખી સરકાર આવક પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. કરવેરા સિવાયની આવક પણ રાજ્ય ઠીકઠીક પ્રમાણમાં પ્રાપ્ત કરે છે. રાજ્ય આવક મેળવવાનાં સાધનો કઈ રીતે અને ક્યા માર્ગે મેળવે છે, તેનો અભ્યાસ પ્રસ્તુત એકમમાં કરીશું.

## 5.2 જાહેર આવકના સ્ત્રોતો :

20મી સદીના ઉત્તરાર્ધથી રાજ્યની આર્થિક પ્રવૃત્તિઓના અભ્યાસનું મહત્ત્વ વધ્યું છે. મુક્ત અર્થતંત્રની સાથે આવકની અસમાનતા, બેરોજગારી તથા આર્થિક અને સામાજિક વિષમતાઓ ઉદ્ભવી હતી. જેના કારણે રાજ્યનો હસ્તક્ષેપ આર્થિક ક્ષેત્રે અનિવાર્ય બન્યો. રાજ્યનાં કાર્યો વિશેની વિચાર-સરણીમાં પરિવર્તન આવ્યું અને સાથે સાથે રાજ્યની આર્થિક પ્રવૃત્તિઓની દેશના અર્થતંત્ર પર તેમજ સમગ્ર સમાજ પર ઊંડી અસરો પડવા લાગી છે. પરિણામે દરેક દેશમાં જાહેર આવકના સ્ત્રોતોનું મહત્ત્વ વધ્યું છે. જાહેર આવકમાં રાજ્ય દ્વારા પ્રજા પાસેથી પ્રાપ્ત કરવામાં આવતી આવકનો સમાવેશ થાય છે. જેના સ્ત્રોત નીચે મુજબ છેઃ

A કરવેરા

B જાહેર દેવું

C જાહેર સાહસોનો નફો

D રાજ્યની માલિકીની સંપત્તિમાંથી પ્રાપ્ત થતી આવક

E ખાધ પૂરવણી

F કિંમત અને ફી

G દંડ

H દાન

I વિશેષ કર આકારણી

ઉપરોક્ત દર્શાવેલ જાહેર આવકના સ્ત્રોતોનો હવે મુદ્દાસર અભ્યાસ કરીએઃ

A કરવેરા :

કરવેરા સરકારની આવકનાં સાધનોમાં સૌથી વધુ મહત્ત્વનું સાધન છે. કર એટલે સરકારે લાગુ પાડેલો ફરજિયા ફાળો જેના બદલામાં કરદાતાને પ્રત્યક્ષ રીતે અને સરખા પ્રમાણમાં લાભ મળતો નથી. પ્રો. સેલિગ્મેને આપેલી વ્યાખ્યા મુજબ ''કર એટલે સમગ્ર સમાજના લાભાર્થે સરકાર જે ખર્ચા કરે છે. તેને પહોંચી વળવા માટે વ્યક્તિએ સરકારને ફરજિયાત અને બદલામાં વિશિષ્ટ લાભ મેળવ્યા વિના જે રકમ આપવી પડે છે તે.'' આમ કરના બદલામાં નાગરિકને પ્રત્યક્ષ રીતે કોઈ વિશિષ્ટ લાભ કે સેવા મળતા નથી. રાજ્ય પ્રજા પર અનેક પ્રકારના પ્રત્યક્ષ તથા પરોક્ષ કરવેરા નાખે છે. જેમાં આવકવેરો, વેચાણવેરો, વસ્તુઓ સેવાઓ પરનો કર, મૃત્યુવેરો, વેચાણવેરો, આયાત-નિકાસ જકાત, આબકારી જકાત વગેરેનો સમાવેશ થાય છે. વિવિધ પ્રકારના કર નાખવાનો હેતુ કેવળ આવક પ્રાપ્ત કરવાનો હોતો નથી. રાજ્યનો આવક કમાવવાના હેતુ ઉપરાંત કલ્યાણનો હેતુ પણ રહેલો છે. આમ છતાં રાજ્ય દ્વારા જે કર લાદવામાં આવે છે, તેને પણ અમુક મર્યાદા હોય છે. રાજ્ય ગમે તેટલા પ્રમાણમાં લોકો પર કર નાખી શકતું નથી. વધુ પડતા કરવેરાની પ્રજા અને અર્થતંત્ર પર માઠી અસરો પડે છે. મૂડીરોકાણ અને બચતનું પ્રમાણ પણ ઘટે છે. ભારત જેવા વિકાસમાન દેશોમાં વિકાસકાર્યો કરવા માટેનાં નાણાં મેળવવા માટે રાજ્ય કરવેરાનો આશ્રય લે છે, છતાં પણ કરવેરા અમુક હદ સુધી જ ઈચ્છનીય ગણાય છે. લોકશાહી દેશોમાં ઘણીવાર આર્થિક અસમાનતા ઘટાડવા માટે પણ કરવેરાનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રો. ટાઉસિંગના શબ્દોમાં કહીએ તો ''સરકાર અને કરદાતા વચ્ચે પ્રત્યક્ષ લેવડ-દેવડનો અભાવ એ કરવેરાનું હાર્દ છે.''

B જાહેર દેવું/ જાહેર ઋણ/ જાહેર લોન :

કરવેરા પછીનું રાજ્યની આવકનું બીજુ મહત્ત્વનું સાધન જાહેર દેવું છે. અમુક સમયે જ્યારે રાજ્યના ખર્ચમાં ખૂબ મોટા પ્રમાણમાં વધારો થાય છે. ત્યારે આ ખર્ચ કરવેરા દ્વારા પૂર્ણ કરવાનું શક્ય ન હોવાથી રાજ્ય સમાજમાં વસતા લોકો પાસેથી જાહેર દેવું કરે છે. રાજ્ય દેશના કે પરદેશના નાગરિકો પાસેથી અથવા અન્ય દેશોની સરકાર કે વિશ્વબેંક પાસેથી જે નાણાં લોન સ્વરૂપે લે છે, તેને જાહેર દેવુ કે જાહેર ઋણ કહેવામાં આવે છે. જાહેર દેવામાં સરકાર પણ નાણાકીય જવાબદારી આવી પડે છે. દર વર્ષે એના પર વ્યાજ ચૂકવવું પડે છે અને નિશ્ચિત મુદતને અંતે મુદલ રકમ પણ પરત કરવી પડે છે. જાહેર દેવા અંતર્ગત સરકાર માત્ર દેશના લોકો પાસેથી નાણાં પ્રાપ્ત કરે તેવું નથી, પરંતુ તે વિદેશી સરકાર કે વિદેશી લોકો પાસેથી પણ નાણાં ઉછીનાં લે છે. આમ, જાહેર દેવાના સ્ત્રોતને આધારે તેના બે પ્રકાર પાડવામાં આવે છેઃ

➢ આંતરિક દેવું :

દેશના નાગરિકો, દેશની બેંકો અને દેશની અન્ય નાણાકીય સંસ્થાઓ પાસેથી સરકાર લોન લે તો તેને આંતરિક દેવું કહેવામાં આવે છે.

➢ આંતરરાષ્ટ્રીય દેવું :

જ્યારે રાજ્ય અન્ય દેશના નાગરિકો, બેંકો, સંસ્થાઓ કે સરકાર પાસેથી લોન લે તો તેને બાહ્ય દેવું અથવા આંતરરાષ્ટ્રીય દેવા તરીકે ઓળખવામાં આવે છે. બાહ્ય દેવું કેટલા પ્રમાણમાં કોઈ એક દેશને પ્રાપ્ત થશે તેનો આધાર જે તે દેશની આર્થિક સધ્ધરતા અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પર રહેલો છે. વિકાસશીલ રાષ્ટ્રોમાં મોટાભાગે લાંબાગાળાનાં મૂડીરોકાણો કરવાં તથા યોજનાકીય ખર્ચાને પહોંચી વળવા આવાં દેવાંનો આશ્રય લેવામાં આવે છે. રાજ્ય આ પ્રકારના દેવામાંથી મૂડીરોકાણ કરે છે. અને ભવિષ્યમાં તેમાંથી પ્રાપ્ત થતી આવકમાંથી તેની ભરપાઈ કરે છે. જાહેર દેવાની એક વિશિષ્ટતા એ છે કે તે કરની જેમ લોકો પાસેથી ફરજિયાત વસૂલ કરવામાં આવતું નથી. દેશભક્તિ કે રાષ્ટ્રભાવનાથી પ્રેરાઈને કે સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરવા લોકો તેમાં સ્વેચ્છાએ પોતાનું નાણું રોકે છે.

C જાહેર સાહસોનો નફો :

વર્તમાન સમયમાં કલ્યાણકારી રાજયો જે અનેક પ્રવૃત્તિઓ કરે છે. તેને પરિણામે તેને વધુને વધુ આવકની આવશ્યકતા ઊભી થાય છે, જે મેળવવા માટે સરકાર જાહેર ક્ષેત્રે ઘણા સાહસોની (ઉદ્યોગોની) સ્થાપના કરે છે, અને તેનું સંચાલન પણ રાજ્ય દ્વારા જ કરવામાં આવે છે. ભારતમાં રાજ્ય દ્વારા સંચાલિત ઉદ્યોગોમાં લોખંડ-પોલાદનાં કારખાનાં, વિદ્યુત માલ-સામાનના ભારે ઉદ્યોગો, દવા બનાવતાં કારખાનાં, રાસાયણિક ખાતરનાં કારખાનાં, ટેલિફોન ઉદ્યોગ, રેલવેના ડબ્બાઓ બનાવવાનાં કારખાનાં વગેરે આજે રાજ્યની માલિકીપણા હેઠળ ચલાવવામાં આવતાં જાહેર સાહસો છે. રાજ્ય આવાં સાહસો દ્વારા વેચાતી વસ્તુઓ અને સેવાઓની કિંમતમાંથી ઘણી મોટી આવક પ્રાપ્ત કરે છે. ભારત સરકાર દ્વારા સંચાલિત ખાનગી ક્ષેત્રના ઘણા ઉદ્યોગો વર્તમાન સમયમાં નફો કરતા થઈ ગયા છે, જે રાજ્યની તિજોરીમાં સારી એવી આવક કમાવી આપે છે.

D રાજ્યની માલિકીની સંપત્તિમાંથી પ્રાપ્ત થતી આવક :

રાષ્ટ્ર કે દેશ પાસે કુદરતી ખનીજ સંપત્તિ, કાચું લોખંડ, ધાતુઓ, જંગલો, ખાણો વગેરે પોતાની માલિકીની સંપત્તિમાંથી રાજ્યને સારી એવી આવક પ્રાપ્ત થતી હોય છે. રાજ્ય આ

સાધનોનો પ્રત્યક્ષ રીતે રાજ્ય સંચાલિત ઉદ્યોગો માટે કાચા માલ તરીકે પણ ઉપયોગ કરી શકે છે અથવા તેનું વેચાણ કરીને કે જંગલો તથા ખાણોના ખાનગી વ્યક્તિઓ ઈજારા હક આપીને તેમાંથી આવક મેળવી શકે છે. ભારત આ પ્રકારની કુદરતી સંપત્તિથી ભરેલો દેશ છે, પરંતુ ટેક્નોલૉજીના અભાવે આપણે તેનો પૂરતો ઉપયોગ કરી શકતાં નથી. ક્યારેક આવા સાધનોમાંથી પ્રાપ્ત થતી આવકનું પ્રમાણ રાજ્યની કુલ આવકની સરખામણીએ ઘણું જ નજીવું જોવા મળે છે.

E ખાધ પૂરવણી :

કલ્યાણ રાજ્યની વિભાવનાને પરિણામે વર્તમાન સમયનાં રાજ્યો આવક કરતાં વધારે ખર્ચનું પ્રમાણ પોતાના બજેટમાં દર્શાવતાં જોઈ શકાય છે. રાજ્યની વધતી જતી જવાબદારીને કારણે કરવેરા તથા અન્ય સાધનોમાંથી મળતી આવક રાજ્યને ખર્ચ માટે પૂરતી થતી નથી ત્યારે સરકાર ખાધ પૂરવણીનો સહારો લે છે. સરકાર વધારાના ખર્ચને પહોંચી વળવા માટે ખાધ યુક્ત બજેટ બનાવે છે. બજેટની ખાધપૂરવા નવું નાણું છાપે છેકે પછી દેશની મધ્યસ્થ બેંક પાસેથી નાણું ઉછીનું લે છે. જેને ખાધ પૂરવણી તરીકે ઓળખવામાં આવે છે. આ માર્ગ વધારે સહીસલામત નથી. મંદીજન્ય વાતાવરણ, યુદ્ધના સંજોગો અથવા આર્થિક કટોકટીના સમય પૂરતો મર્યાદિત ઉપયોગ કરવો હિતાવહ છે, પરંતુ તેનો અવારનવાર ઉપયોગ કરવાથી ઘણાં જોખમો પેદા થવાની શક્યતા રહેલી છે. વિકાસ પામતા દેશોમાં વારંવાર ખાધ પૂરવણીના ઉપયોગથી ફુગાવો પેદા થવાનો ભય રહેલો છે. આથી સરકારે કાળજીપૂર્વક અને મર્યાદિત પ્રમાણમાં ખાધ પૂરવણીનો ઉપયોગ કરવો હિતાવહ છે.

F કિંમત અને ફી :

રાજ્ય પોતાના લોકોને વાહનવ્યવહાર, વિજળી, ટેલીફોન, બસ, તારટપાલ, રેલવે શિક્ષણ વગેરે જેવી પ્રાથમિક અને ઉપયોગી સેવાઓ પૂરી પાડે છે. આ સેવાઓના બદલામાં સરકાર લોકો પાસેની ન્યૂનત્તમ રકમ (કિંમત) વસૂલ કરે છે. આ કિંમત સાવ નજીવી કિંમત રૂપે હોય છે. આવી સેવાઓ પાછળનો સરકારનો મુખ્ય ઉદ્દેશ નફો નહિ પરંતુ સમાજ કલ્યાણ રહેલો છે. રાજ્ય કેટલીકવાર સેવાઓ પૂરી પાડવા બદલ સેવાનો લાભ મેળવનાર વ્યક્તિ પાસેની ફી વસૂલ કરે છે. શિક્ષણ ફી, તબીબી સારવાર ફી, જન્મ-મૃત્યુનો નોંધણી ફી, ધંધાની નોંધણીની ફી વગેરે દ્વારા સરકાર ફી સ્વરૂપે આર્થિક ભંડોળ પ્રાપ્ત કરે છે. કિંમત અને ફી બંનેમાં રકમના બદલામાં સેવારૂપી વળતર મળે છે, પરંતુ બંનેમાં પાયાનો બેદ રહેલો છે. કિંમત મેળવવા પાછળનો હેતુ વ્યાપારી ધોરણે લોકોને કેટલીક સેવાઓ પૂરી પાડવાનો છે. અને સાથે આવક મેળવવાનો પણ છે. જ્યારે ફી પાછળ મુખ્ય હેતુ સમાજને અમુક પ્રકારની સેવા આપવી અથવા કેટલાક પ્રકારનાં કાર્યો પર નિયંત્રણ મૂકવાનો હોય છે. કિંમત ઉત્પાદન ખર્ચને ધ્યાનમાં રાખીને વસૂલ કરવામાં આવે છે, જ્યારે ફીમાં ઉત્પાદન ખર્ચને ધ્યાનમાં રાખવામાં આવતું નથી. જે લોકો સરકારી સેવાની પ્રત્યક્ષ લાભ મળે તેઓ જ ફી ચુકવે છે. જ્યારે કિંમત એવી સેવાઓ માટે ચૂકવાય છે, જે ધંધાકીય સ્વરૂપની પ્રવૃત્તિ હોય. બંને પાછળનો મુખ્ય હેતુ સરકારને આવક પ્રાપ્તિનો રહેલો છે.

G દંડ :

રાજ્ય સરકાર રાજ્યના સુચારુ સંચાલન અને નિયંત્રણ માટે અમુક કાયદાઓ અને નિયમોનું ઘડતર કરે છે. રાજ્યની પ્રવર્તમાન કાયદાઓનો ભંગ કરનાર તથા બિનકાયદેસર આર્થિક પ્રવૃત્તિ કરનાર લોકો પાસેની દંડ સ્વરૂપે કેટલીક રકમ વસૂલ કરે છે. જે સરકારની

આવકમાંથૂ ઉમેરાય છે. ઉ.દા. કરચોરી કરનાર વ્યક્તિ પાસેથી, દારૂગાળવા કે વેચવા જેવી પ્રવૃત્તિ કરનાર પાસેથી, કોઈપણ ગુનાહિત પ્રવૃત્તિ કરનાર પાસેથી દંડ સ્વરૂપે રાજ્ય સરકાર આવક પ્રાપ્ત કરે છે. દંડની રકમ કરવેરાની જેમ ફરજિયાત ચૂકવવાની રહે છે. દંડ એ શિક્ષાત્મક જોગવાઈ છે. જેના પરિણામે વ્યક્તિ અમુક પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા અટકે અને ભવિષ્યમાં આવો ગુનો ફરીવાર ન કરે તે હેતુથી દંડ વસૂલ કરવામાં આવે છે. યુદ્ધ અથવા લડાઈમાં વિજેતા બનેલ દેશ હાર પામનાર દેશ પાસેથી યુદ્ધદંડ તરીકે કેટલીક રકમ વસૂલ કરી શકે છે. કસ્ટમ જકાતની બાબતમાં જોઈને તો તેમાં ફરજિયાતપણું રહેલું છે. અને શિક્ષાત્મક જોગવાઈ પણ છે. આયાત કરેલી વસ્તુઓ પર સરકાર કસ્ટમ જકાત નાખે છે. તેની પાછળનો એક હેતુ આવક પ્રાપ્ત કરવાનો છે. તથા બીજો હેતુ આયાત પર પ્રતિબંધ મુકવા દંડ નાખવાનો છે. આમ, આયાતો પર પ્રતિબંધ મૂકવા દંડ નાખવાનો છે. આમ, આયાતો પર પ્રતિબંધ મૂકવા નાખવામાં આવતી કસ્ટમ ડ્યૂટીમાં શિક્ષાનું તત્ત્વ અને નિયંત્રણ તત્ત્વ બંને રહેલું છે.

H દાન :

અમુક સમયે રાજ્ય કોઈ પ્રકારની આર્થિક પ્રવૃત્તિ હાથ ધરવા દેશના લોકો કે વિદેશના લોકો પાસેથી દાનરૂપી આવક પ્રાપ્ત કરે છે. સામાન્ય રીતે રાજ્યના લોકોને ઉપયોગી સેવાઓ પૂરી પાડવા માટે આવા દાનનો સહારો લેવામાં આવે છે. જેમકે, સ્કૂલ, કોલેજોનું બાંધકામ કરવું, હોસ્પિટલ બનાવવી, લાયબ્રેરીનું બાંધકામ કરવું વગેરે માટે મળતું દાન પણ રાજ્યની આવકનું એક સાધન છે. શ્રીમંત કે ધનવાન વ્યક્તિ આવા દાન દ્વારા સમાજને સહાય કરે છે. આવું દાન ઘણીવાર વસ્તુ કે સેવા સ્વરૂપે અથવા અમુક સમયે નાણાં સ્વરૂપે જોવા મળે છે. દા.ત. હોસ્પિટલ બનાવવા માટે નાણાંની સહાય એટલે દાન આપવામાં આવે છે. તો બીજી બાજુ હોસ્પિટલમાં ઉપયોગી સાધનો સ્વરૂપે પણ દાન આપવામાં આવે છે. દાનમાંથી પ્રાપ્ત થતી આવક સામાન્ય પ્રકારની હોય છે. તેમાં ફરજિયાતપણું નહિ પરંતુ મરજિયાતપણું રહેલું છે. વ્યક્તિ પોતાની ઈચ્છા અને શક્તિ પ્રમાણે સરકારને આવું દાન આપી સહાય કરે છે, જે રાજ્યની આવકનું સાધન બને છે.

I વિશેષ કર આકારણી :

રાજ્ય જે કોઈ પણ પ્રવૃત્તિ કરે છે, તેના પરિણામે ક્યારેક સમાજની અમુક ચોક્કસ વ્યક્તિઓને તેનો વિશિષ્ટ લાભ પ્રાપ્ત થાય છે. તેથી રાજ્ય આવી વ્યક્તિઓ પાસેથી વિશેષ કર પ્રાપ્ત કરે છે. દાખલા તરીકે રાજ્યની સિંચાઈ યોજનાઓથી જે તે વિસ્તારના જમીન માલિકોને પાણીની સવલતોમાં વધારો થતાં તેમની આવક વધવા પામે છે. તેથી જમીનની કિંમત પણ વધે છે. શહેરી વિસ્તારમાં ઔદ્યોગિક વસાહતો, સંકુલ, કોલેજ, યુનિવર્સિટીની સ્થાપનાથી તે વિસ્તારની જમીનના માલિકોને લાભ પ્રાપ્ત થાય છે. તેમની જમીનની કિંમતમાં વધારો થાય છે. લોકોની મિલકતના મૂલ્યમાં થતા આવા વધારાને કારણે રાજ્યને તેમાંથી અમુક હિસ્સો પ્રાપ્ત કરવાનો અધિકાર મળે છે. તેથી રાજ્ય આવી મિલકતો પર વિશેષ કર નાખી આવક મેળવે છે. કેટલીક વાર આ પ્રકારના કરને બેટરમેન્ટ લેવી કે કેપિટલ લેવ્રી તરીકે પણ ઓળખવામાં આવે છે. સામાન્ય કરની જેમ આ વિશેષ કર આકારણીમાં પણ ફરજીયાતપણું રહેલું છે. જે લોકો ફાયદો ઉઠાવે છે, તેને ફરજિયાતપણે આ રકમ સરકારને ચૂકવવી પડે છે. અહીં વ્યક્તિએ મેળવેલ ચોક્કસ વળતરના બદલામાં રકમ ચૂકવવાની હોય છે, જ્યારે કરવેરામાં આવું નથી. અહીં વ્યક્તિ કરચોરી કરી શકતી નથી. આમ આ પ્રકારના વર્ગભેદથી સ્પષ્ટ થાય છે કે રાજ્યની આવકનાં સાધનો વચ્ચે બહું સ્પષ્ટ ભેદ રહેલો નથી. તેઓ એકબીજાના સ્વરૂપે એકબીજામાં પ્રતિબિંબિત થાય છે.

## 5.3 સારાંશ :

આમ, ઉપર જોયા મુજબ આધુનિક રાજ્યો આવકનાં અનેક સાધનો ધરાવે છે. અને તે બધાને આપણે તેના સ્વરૂપ અને પાયાને આધારે જુદાં-જુદાં નામે ઓળખીએ છીએ. રાજ્યની આવકનાં વિવિધ સાધનો વચ્ચેનો તફાવત બહું સ્પષ્ટ નથી અને તે એકબીજામાં વત્તે ઓછે અંશે વ્યક્ત થાય છે. વિવિધ હેતુઓને ધ્યાનમાં રાખીને રાજ્ય જુદી-જુદી રીતે આવક મેળવે છે. અને રાજ્ય પોતાની આર્થિક પ્રવૃત્તિ માટે જરૂરી આવક પ્રાપ્ત કરે છે. સમાજ માટે કલ્યાણલક્ષી આર્થિક પ્રવૃત્તિ કરવા માટે આ આવક ખૂબ જ ઉપયોગી છે. વર્તમાન સમયમાં રાજ્યના કાર્યક્ષેત્રમાં થતા વધારા સાથે આવક પ્રાપ્ત કરવાના ક્ષેત્રો પણ વિસ્તરતાં જાય છે. સમયમાં થતાં પરિવર્તન સાથે રાજ્યની પ્રવૃત્તિ અને જવાબદારીમાં પણ ફેરફારો થાય છે. તેના પરિણામે આવકનાં સાધનો પણ વિસ્તૃત થાય છે.

## 5.4 શબ્દાવલી :

- જાહેર આવક : રાજ્ય આર્થિક પ્રવૃત્તિ કરવામાં વિવિધ ક્ષેત્રોમાંથી કરવેરા, કિંમત, ફી, દંડ, દાન વગેરે સ્વરૂપે જે નાણાં મેળવે છે, તેને જાહેર આવક કહેવાય.
- કરવેરા : રાજ્યમાં રહેતા લોકો પાસેથી કોઈ પણ પ્રકારનો પ્રત્યક્ષ કે સપ્રમાણ બદલો આપ્યા વગર ફરજિયાતપણે જે રકમ વસૂલ કરવામાં આવે છે, તેને કર કહેવાય.
- જાહેર દેવું : રાજ્ય સમાજમાં વસતા લોકો કે વિદેશના લોકો અથવા સંસ્થા પાસેથી જે ઉછીનાં નાણાં પ્રાપ્ત કરે છે, તેને જાહેર દેવું કહેવાય.
- ખાધ પૂરવણી : સરકાર નવું નાણું છાપે અથવા દેશની મધ્યસ્થ બેંક પાસેથી નાણું ઉછીનું લે તેને ખાધ પૂરવણી કહેવાય.
- કેપિટલ લેલી : રાજ્યના કોઈ આર્થિક પ્રવૃત્તિને પરિણામે તે વિસ્તારમાં જમીન માલિકી ધરાવતા વ્યક્તિઓને વિશિષ્ટ આવક પ્રાપ્ત થાય છે. તેના બદલામાં રાજ્ય જે વધારાનો કર તેના પર દાખલ કરે છે, તેને કેપટલ લેવી તરીકે ઓળખવામાં આવે છે.

## 5.5 તમારી પ્રગતિ ચકાસો :

❖ આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) રાજ્યની આવકનાં સાધનોમાં સમાવેશ કરી શકાતો વિકલ્પ.

(A) કરવેરા (B) જાહેર દેવું

(C) દંડ (D) ઉપરોક્ત ત્રણેય

(2) દેશના લોકો અથવા નાણાકીય સંસ્થાઓ પાસેથી સરકાર લોન લે તો તેને________દેવું કહેવાય.

(A) બાહ્ય (B) કાયમી

(C) આંતરિક D) ફરજિયાત

(3) બિનકાયદેસર આર્થિક પ્રવૃત્તિ કરનાર વ્યક્તિ પાસેથી રાજ્ય________વસૂલ કરે છે.

(A) ફી (B) દંડ

(C) કિંમત (D) વેરો

(4) ખાધ પૂરવણીનો ઉપયોગ________કરવો હિતાવહ છે.

(A) કાયમી (B) એકાંતરે

(C) દર મહિને (D) કાળજીપૂર્વક

❖ નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :

(1) રાજ્યની આવકનાં સાધનો વિસ્તારપૂર્વક સમજાવો.

(2) જાહેર આવકના સાધન તરીકે કરવેરા અને જાહેર દેવું વિસ્તારપૂર્વક સમજાવો.

(3) ટૂંકનોંધ લખો : ખાધ પૂરવણી

⇨ **ઉપયોગી પુસ્તકોની યાદી :**

(1) Public Finance, Hug Dalton

(2) Theory of Public Finance R.A Musgrave

(3) The Theory of Public Finance P.F. Taylor

(4) Public Finance Theory & Practice A.R. Priest

⇨ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

(1) ઉપરોક્ત ત્રણેય (2) આંતરિક

(3) દંડ (4) કાળજીપૂર્વક

❖ **નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(1) કરવેરા ફરજિયાત હોય છે અને બદલામાં પ્રત્યક્ષ કોઈ લાભ મળતો નથી.

(2) સરકારની આવક કરતાં ખર્ચ વધુ હોય ત્યારે સરકાર મધ્યસ્થ બેંક પાસેથી દેવું કરે તેને ખાદ્ય પુરવણી તરીકે ઓળખવામાં આવે છે.

(3) સરકાર કાળજીપૂર્વક અને મર્યાદિત પ્રમાણમાં ખાદ્ય-પૂરવણી કરવામાં આવે તો અર્થતંત્રમાં મંદીજન્ય સ્થિતિ ઊભી થાય છે.

(4) કરવેરા માત્ર રાજ્ય દ્વારા જ લેવામાં આવે છે.

❖ **જવાબો :**

(1) ખરું (2) ખરું (3) ખોટું (4) ખરું

*** *** ***